### સમગ્ર અજમેર રિજિયનમાં સુરતનો ફરી ડંકો

# CBSE ધો.10: સુરત 99.80% સાથે આગળ



**જી.ડી.ગોયેન્કા** ઇન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થિની રાજ્યમાં ટોપ પર આવી

**ટી.એમ.**પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલનું 100 ટકા પરિણામ

સુરતઃ CBSE દ્વારા જાહેર કરાયેલા ધોરણ 10ના પરિણામમાં સુરતનું કુલ પરિણામ 99.80 ટકા નોંધાયું છે, જે ગત વર્ષની સરખામણીએ 2.2 ટકા વધુ છે. આ વર્ષે જી.ડી.ગોયેન્કા ઈન્ટરનેશનલ સ્કૂલની વિદ્યાર્થીની હિરલ ગટ્ટાણીએ 99.6 ટકા મેળવી ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.

આ વખતે CBSE દ્વારા પ્રથમવાર અમદાવાદ રિજિયનનું અલગથી પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. અગાઉ ગુજરાતની તમામ શાળાઓ અજમેર રિજિયનમાં આવતી હતી. જી. ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલના હિરલ ગટ્ટાનીએ ધોરણ 10માં 99.6% (498 /500) હાંસલ કરી આખા સુરત શહેર, અમદાવાદ રીજીયન (ગુજરાત, દીવ, દમન, દાદરા નગર હવેલી)માં પ્રથમ નંબર પર તથા સમગ્ર દેશમાં બીજા નંબર પર રહી છે. હિરલ ગટ્ટાની સિવાય આકર્ષ વર્ધનમ 99.4% અને ત્રીજા ક્રમે જીયા ધનકાની 99%, વિશ્વરાજ રૂપાવાળા 98.4 ટકા, માનવ પટેલ 97.8 ટકા, વ્રીશાંક માવાની 97.4 ટકા અને અનન્યા અકબરી 97.2 ટકા મેળવ્યા છે. ઉલ્લેખનીય છે કે શાળાના 142 વિદ્યાર્થીએ પરિક્ષા આપી હતી, જેમાંથી 50 વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ, 52 વિદ્યાર્થીએ 80 થી 89 ટકા, 25 વિદ્યાર્થીએ 70 થી 79 ટકા અને 15 વિદ્યાર્થીએ 60 થી 69 ટકા મેળવ્યા છે.

સીબીએસઈનું ધોરણ 10 નું બોર્ડનું પરિણામ આજે જાહેર થયું તેમાં ટી.એમ.પટેલ ઈન્ટરનેશનલ સ્કૂલનું 100 ટકા પરિણામ છે. નિકીતા 98 ટકા સાથે પ્રથમ છે. અનન્યા 93 ટકા સાથે બીજા ક્રમે, આરુશી 92 ટકા સાથે ત્રીજા ક્રમે અને પુનિત 91 ટકા સાથે ચોથા ક્રમે છે.

### વિવિધ શાળાઓનું ઉતકૃષ્ટ પરિણામ

- **જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલેઃ** ધોરણ ૧૦માં પ્રથમ વર્ષે જ શાળાએ ૧૦૦ ટકા પરિણામ હાંસલ કર્યું છે. જેમાં ૪ વિદ્યાર્થીએ છ ગ્રેડ પરિણામ મેળવ્યું છે. અને ૧૦ વિદ્યાર્થીએ એ ૨ ગ્રેડ મેળવ્યો છે.
- **એલ.પી સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સઃ** શાળાનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. ૫૦ વિદ્યાર્થીએ એ૧ અને ૯૬ વિદ્યાર્થીએ એ૨ ગ્રેડ મેળવ્યો છે અને ૧૦ વિદ્યાર્થીએ વિવિધ વિષયોમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે.
- **એસ.ડી જૈન મોડર્ન સ્કૂલઃ** ધોરણ ૧૦માં ૪૧૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. શાળાનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. સ્કૂલની વિદ્યાર્થીની ગ્રીવા ધનખરાએ ૯૯.૨ ટકા સાથે સ્કૂલ ટોપર રહી હતી.
- **જે.બી કાર્પ વિદ્યા સંકુલઃ** શાળાએ ૧૦૦ ટકા પરિણામ પ્રાપ્ત કર્યું છે. જેમાં ૧૧ વિદ્યાર્થીએ એ૧ અને ૪૮ વિદ્યાર્થીએ એ૨ ગ્રેડ મેળવ્યો છે. અનુષ્ઠા પરમાર ૯૪ ટકા સાથે સ્કૂલમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે.
- **વશિષ્ઠ વિદ્યાલયઃ** શાળાના ૩૬૪ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જે પૈકી તમામ વિદ્યાર્થીઓ પાસ થયા છે. શાળાના ૫૧ વિદ્યાર્થીએ ૯૦ ટકાથી વધુ સ્કોર મેળવ્યો છે.
- **દિલ્હી પબ્લિક સ્કૂલઃ** ૨૦૨૬ની બોર્ડ પરીક્ષામાં ૩૦૧ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી. જેમાં શાળાનું પરિણામ ૧૦૦ ટકા રહ્યું છે. જેમાં અનુષ્કા શ્રોફ ૯૭.૮ ટકા સાથે સ્કૂલ ટોપર રહી હતી.
- **શ્રી સ્વામિનારાયણ અકેડમી (અડાજણ) :** શાળાના કુલ 130 વિદ્યાર્થીમાંથી 60 વિદ્યાર્થી A1 ગ્રેડ સાથે ઉત્તીર્ણ થયા છે. શાળાના પ્રથમ 3 ક્રમે આવનાર વિદ્યાર્થીઓ ડોબરિયા જય (૯૭.૮%), સુચાર કૃતિકા (૯૬.૪%) અને ત્રીજા ક્રમે ચૌહાણ નિત્યા (૯૬%) તથા હેમનાની કાર્તિક (૯૬%) છે.
- **પી.પી. સવાણી ચૈતન્ય વિદ્યા સંકુલ, અબ્રામાઃ** વિદ્યાર્થી ભવ્ય નરેશકુમાર સાવલિયાએ 98.4% સાથે ધોરણ 10માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે તેમજ દેવાંશ દેવલ શાહએ 95.8% સાથે દ્વિતીય સ્થાન મેળવ્યું છે અને ઘેવરિયા રૂહી શૈલેષભાઈ એ 94.8% સાથે તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું છે.
- **એસબીઆર માહેશ્વરી વિદ્યાપીઠઃ** શાળાનું પરિણામ ૯૩.૭૦ ટકા રહ્યું છે. શાળાની વિદ્યાર્થિની અનવી સંથાલીયાએ ગણિત, હિન્દી, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સમાં ૧૦૦માંથી ૧૦૦ માર્કસ મેળવ્યા છે.

### ગુજરાતમાં પ્રથમ આવનાર હિરલ સ્ટેટ ફુટબોલ પ્લેયર



જી.ડી. ગોયેન્કાની વિદ્યાર્થિનીએ રાજ્યમાં સીબીએસઈમાં ધોરણ 10 માં પ્રથમ ક્રમ મેળવ્યો છે. તેને જણાવ્યું કે સ્કૂલ તેનું બીજું ઘર છે. શિક્ષકોના માર્ગદર્શનથી અને માતા પિતાના આશિર્વાદથી તે આ પરિણામ મેળવી શકી છે. તેને 90 ટકાની ઉપર પરીણામની આશા હતી. પરંતુ 99.6 ટકાનું પોતે પણ વિચાર્યું નહોતું. એક સપના જેવું લાગે છે. પોતે સ્ટેટ લેવલ ફુટબોલ પ્લેયર છે.

### SBR મહેશ્વરી વિદ્યાપીઠની વિદ્યાર્થિની શહેરમાં બીજા ક્રમાંકે આવી



સુરત શહેરની એસ.બી.આર મહેશ્વરી વિદ્યાપીઠ શાળાની વિદ્યાર્થિની અનવી સંથાલીયાએ સુરત શહેરમાં બીજો ક્રમાંક હાંસલ કર્યો છે. અનવી સંથાલિયાએ ગણિત, હિન્દી અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં 100 માંથી 100 ક્રમાંક પ્રાપ્ત કર્યા છે. દરરોજ પાંચ કલાકનું ભણતર અને વગર કોઈ ટ્યુશન ક્લાસના મદદથી આ સિદ્ધિ હાંસિલ કરવામાં આવી છે.

# કોંગ્રેસના બોની પટેલે ઉમેદવારી પરત ખેંચતા હાઈ વોલ્ટેજ ડ્રામા

**બોની** પટેલ આવતાં જ કોંગ્રેસના નેતા અને કાર્યકરો પણ પહોંચી ગયા અને ભારે નારાબાજી સાથે હંગામો થયો

**સુરતની** એસઓજી પોલીસના અધિકારીઓએ ધમકાવીને બોની પટેલ પાસે ફોર્મ ખેંચાવડાવ્યાના કોંગ્રેસના આક્ષેપો

### લોકશાહીની હત્યા, ન્યાયિક તપાસની માંગ: કોંગ્રેસના વિપુલ ઉધનાવાલા

કોંગ્રેસ શહેર પ્રમુખ વિપુલ ઉધનાવાલાએ આક્ષેપ કર્યો કે સુરત પોલીસના બે અધિકારીઓના દબાણમાં આવી ઉમેદવારોથી ફોર્મ પાછા લેવડાવવામાં આવ્યા. તેમનો દાવો હતો કે બોબી પટેલને એક નિર્દલીય ઉમેદવાર સાથે લાવી તેમનું પણ ફોર્મ પાછું લેવડાવવામાં આવ્યું. તેમણે આ ઘટનાને લોકશાહીની હત્યા ગણાવી ન્યાયિક તપાસની માંગ કરી. બીજી તરફ, બોબી પટેલે તમામ આક્ષેપોને નકારી કાઢતા જણાવ્યું કે તેમણે પોતાની ઇચ્છાથી નામંકન પાછું ખેંચ્યું છે. કાર્યકરો સાથે મતભેદ અને પરિવારિક કારણોસર આ નિર્ણય લીધો હોવાનું તેમણે કહ્યું. પૈસા અથવા રાજકીય દબાણના આક્ષેપોને તેમણે સંપૂર્ણપણે નકાર્યા હતા.

સુરતઃ સુરત મહાનગરપાલિકા ચૂંટણીમાં નામ પાછું ખેંચવાના અંતિમ દિવસે સુરત જિલ્લા કલેક્ટર કચેરી રાજકીય રંગમંચ બની ગઈ. વોર્ડ નંબર 1ના કોંગ્રેસ ઉમેદવાર બોની પટેલે અચાનક પોતાનું નામાંકન પાછું ખેંચી લેતા કચેરીમાં ભારે હંગામો મચ્યો હતો. નારાજ કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ઉગ્ર વાદવિવાદ અને અથડામણના દ્રશ્યો જોવા મળ્યા. પરિસ્થિતિ એટલી તંગ બની ગઈ કે બોબી પટેલને પોતાના જ કાર્યકરોના વિરોધથી બચવા પોલીસ સુરક્ષામાંથી બહાર લઈ જવું પડ્યું.

અઠવાલાઇન્સ સ્થિત જિલ્લા સેવા સદનમાં બુધવારે નામાંકન પાછું ખેંચવાનો અંતિમ દિવસ હોવાથી સવારથી જ ભારે ભીડ જોવા મળી હતી. કોણ નામ પાછું ખેંચશે તેની ચર્ચાઓ વચ્ચે બપોરે જ્યારે વોર્ડ-1ના કોંગ્રેસ ઉમેદવાર કચેરીમાં દેખાયા ત્યારે હાઈ વોલ્ટેજ ડ્રામાની શરૂઆત થઈ. ચર્ચા ફેલાઈ કે ઉમેદવાર ઉમેદવારી પરત ખેંચવા આવ્યો છે. થોડા જ સમયમાં કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને વિરોધ પ્રદર્શન શરૂ કરાયું હતું.

કલેક્ટર કચેરીના પાંચમા માળે કોંગ્રેસ કાર્યકરો અને પોલીસ વચ્ચે ધક્કામુક્કી થઈ હતી. કોંગ્રેસના કાર્યકરો દ્વારા નારા લગાડવામાં આવતા વાતાવરણ ભારે તંગ થઈ ગયું હતું. જેમાં ભારે માથાકૂટ થઈ હતી. આખરે પોલીસે કડક સુરક્ષા વચ્ચે બોની પટેલને સલામત બહાર કાઢ્યા. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો કે પોલીસ ચૂંટણી અધિકારીની કચેરીમાં હાજર હતી અને ભાજપ કાર્યકરો સાથે મળી ઉમેદવારોને ધમકાવીને ફોન પરત ખેંચાવી રહી છે.

# સુરત જિલ્લા પંચાયતમાં 88 અને 4 નગરપાલિકામાં 243 ઉમેદવાર મેદાનમાં

**બારડોલી**, કડોદરા, માંડવી અને તરસાડી નગરપાલિકાની ૧૧૬ બેઠકો માટે જામશે જંગ

**જિલ્લા પંચાયતની બેઠકો પર ઉમેદવારો**

| | |
|---|---|
| ભાજપા- 32 | અપક્ષ- 4 |
| કોંગ્રેસ- 29 | કુલ -88 |
| આપ- 23 | |

સુરતઃ સુરત જિલ્લામાં નગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા હવે નિર્ણાયક તબક્કે પહોંચી ગઈ છે. ફોર્મ ચકાસણી અને ઉમેદવારી પત્રો પરત ખેંચવાની અંતિમ પ્રક્રિયા પૂર્ણ થતાં બારડોલી, કડોદરા, માંડવી અને તરસાડી નગરપાલિકાઓનું ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યું છે. કુલ ૧૧૬ બેઠક માટે હવે ૨૪૩ ઉમેદવાર વચ્ચે સીધી ટક્કર થશે. જ્યારે જિલ્લા પંચાયતમાં 36 બેઠક ઉપર 88 ઉમેદવાર મેદાનમાં છે.

જિલ્લા પંચાયતની કુલ ૩૬ બેઠકો માટે શરૂઆતમાં ૧૩૮ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ચકાસણી દરમિયાન ૩૮ ફોર્મ રદ થયા હતા. ત્યારબાદ ૮ ઉમેદવારએ ફોર્મ પરત ખેંચતા હવે કુલ ૯૨ ઉમેદવાર મેદાનમાં છે. ચારેય નગરપાલિકાઓમાં મુખ્યત્વે ભારતીય જનતા પાર્ટી, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો જંગ જામવાનો છે, જેના કારણે ચૂંટણી વધુ રસપ્રદ બની છે. બારડોલી નગરપાલિકાના ૯ વોર્ડ માટે કુલ ૧૨૨ ફોર્મ ભરાયા હતા. તેમાં ૩૭ ફોર્મ રદ થયા હતા અને ૪ ઉમેદવારે નામ પરત ખેંચ્યા હતા. સાથે જ ૨ બેઠક બિનહરિફ થતાં હવે ૭૯ ઉમેદવાર વચ્ચે ચૂંટણી લડાશે. કડોદરા નગરપાલિકાના ૭ વોર્ડ માટે કુલ ૧૦૭ ઉમેદવારી ફોર્મ ભરાયા હતા. ચકાસણી દરમિયાન ૩૬ ફોર્મ રદ થયા હતા, જ્યારે ૨ ઉમેદવારે નામ પાછું ખેંચ્યું હતું. અંતે હવે ૬૯ ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ થશે. માંડવી નગરપાલિકામાં ૬ વોર્ડ માટે ૬૯ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૧૯ ફોર્મ રદ થયા અને ૧ ઉમેદવારે ફોર્મ પરત ખેંચ્યું હતું. ૧ બેઠક બિનહરિફ જાહેર થતાં હવે ૪૮ ઉમેદવાર વચ્ચે મુકાબલો થશે. તરસાડી નગરપાલિકાના ૭ વોર્ડ માટે કુલ ૭૮ ફોર્મ ભરાયા હતા. જેમાંથી ૩૧ ફોર્મ રદ થયા બાદ હવે ૪૭ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં રહ્યા છે.

# ડભોલી ગામમાં બે બાળકીને ઝેર આપી માતાનો આપઘાત



**ઘર** કંકાસમાં પગલું ભર્યું હોવાની આશંકા, પત્નીએ ઝેર પીધા બાદ પતિને ફોન કરીને કહ્યું કે, હવે મારે જીવવું નથી

**માતાનું** સારવાર દરમિયાન મોત, બંને પુત્રીઓની હાલત સ્થિર

### વેનિશા તથા આરવી બેડ પર બેસીને રડતી જોવા મળી હતી

કાકાના પુત્ર હરીશભાઈએ જણાવ્યું હતું કે, જયસુખભાઈનો ફોન આવતા હું તાત્કાલિક તેમના ઘરે ગયો હતો. દરમિયાન રૂમમાં તેમની બંને પુત્રી વેનિશા તથા આરવી બેડ પર બેસીને રડતી જોવા મળી હતી અને તેની માતા મિતલબેન બંને પુત્રીની સામે બેભાન હતા. વેનિશાએ કહ્યું હતું કે, મમ્મીએ અમને દવા પીવડાવ્યા બાદ તેમણે પણ અમારી સામે ઝેરી દવા પી લીધી હતી.

### રવિવારે સંબધીના લગ્નમાં જવાનું હોવાથી ખરીદી પણ કરી હતી

મિત્તલબેન તેમની બંને પુત્રી સાથે આગામી રવિવારના રોજ તેમના સંબંધીના લગ્ન પ્રસંગમાં મહુવા ગામડે જવાના હતા. જે માટે તેઓએ ખરીદી પણ કરી હતી. ગામડે જવા પહેલાં જ આત્યંતિક પગલું ભરી લીધું હતું.

સુરતઃ ડભોલી ગામમાં માતાએ બે બાળકીને ઝેર આપ્યા બાદ પોતે ઝેર પી લેતાં ચકચાર મચી ગઈ છે. ઘર કંકાસમાં પગલું ભર્યું હોવાની આશંકા હાલ વ્યક્ત કરવામાં આવી રહી છે. માતાનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું જ્યારે બંને બાળકીની હાલત સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.

સ્મીમેર હોસ્પિટલ પાસેથી મળેલી માહિતી મુજબ, મૂળ ભાવનગરના મહુવાના તરેડ ગામના વતની જયસુખભાઈ પટેલિયા, હાલ ડભોલી ગામમાં સુમનપ્રતિક આવાસમાં 35 વર્ષીય પત્ની મિતલબેન, 6 વર્ષની પુત્રી વેનિશા, 5 વર્ષની પુત્રી આરવી સાથે રહે છે. તે હીરાના કારખાનામાં કામ કામ કરે છે. જયસુખભાઈના મિતલબેન સાથે 10 વર્ષ પહેલાં લગ્ન થયા હતા બુધવારે પત્ની મિતલબેને ઘરમાં ઝેરને પાણીમાં મિશ્રણ કરી બંને પુત્રી વેનિશા અને આરવીને પીવડાવી દીધા બાદ પોતે પણ પી લીધું હતું. ઝેર પીધા બાદ મિતલબેને પતિ જયસુખને ફોન કરી કહ્યું કે, ''મારે જીવવું નથી, મેં ઝેરી દવા પી લીધી છે.'' ઘટનાની જાણ થતાં ત્રણેયને સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મિતલબેનનું સારવાર દરમિયાન મોત થયું હતું. જ્યારે તેમની બંને પુત્રીને પીઆઈસીયુ વોર્ડમાં દાખલ કરાઈ છે.

જયસુખભાઈએ જણાવ્યું હતું કે, તેનો પત્ની મિતલબેન સાથે ઘરમાં અવારનવાર રસોઈ બનાવવા તથા જમવા બાબતે તેમજ અન્ય નાનીમોટી વાતોને લઈ ઝઘડાઓ થતાં હતા. જે ઝઘડાઓથી અંતે કંટાળી તેની પત્ની મિતલબેને બંને પુત્રીને ઝેરી દવા પીવડાવ્યા બાદ તેણીએ ઝેરી દવા પી લીધી છે. જે અંગે સિંગણપોર પોલીસ ઊંડાણપૂર્વકની તપાસ કરી રહી છે.

# આપે પોતાના 111 ઉમેદવારને ફાર્મ હાઉસમાં નજરકેદ કર્યા

**તમામ** ઉમેદવારના ફોન સ્વીચ ઓફ કરાવી દીધા અને એન્ટ્રી એક્ઝિટ પર સજ્જડ પહેરો મુક્યો

સુરતઃ ભાજપ દ્વારા ઉમેદવારોને ડરાવી-ધમકાવી કે પ્રલોભન આપીને ફોર્મ પરત ખેંચાવવાની ભીતિ વચ્ચે આમ આદમી પાર્ટીએ તમામ 111 ઉમેદવારોને શહેરના છેવાડે આવેલા એક આલીશાન ફાર્મ હાઉસમાં 'નજરકેદ' કરી દીધા હતા. આ હાઈપ્રોફાઈલ શિબિરમાં ઉમેદવારોને એ.સી. બેન્કવેટ હોલ, સોફા અને પૌષ્ટિક ભોજન જેવી હાઈફાઈ સુવિધાઓ આપવામાં આવી હતી, પરંતુ સુરક્ષાના નામે તમામના ફોન સ્વીચ ઓફ કરાવીને એન્ટ્રી-એક્ઝિટ પોઈન્ટ પર સજ્જડ પહેરો ગોઠવી દેવાયો હતો. આમ આદમી પાર્ટીએ સત્તાવાર રીતે આ શિબિરને 'વિઝન ડોક્યુમેન્ટ' લોન્ચ કરવાનો કાર્યક્રમ ગણાવ્યો હતો, પરંતુ અંદરખાને આ તમામ કવાયત બપોરે 3 વાગ્યાની ડેડલાઈન સુધી ઉમેદવારોને સાચવી રાખવા માટેનું 'ઓપરેશન રક્ષણ' હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું છે.

### જ્યાં ઉમેદવારોને રાખવામાં આવ્યા ત્યાં ભાજપના ઉમેદવાર દિનેશ રાજપુરોહિતની ઈનોવા આંટા મારતી હોવાના આક્ષેપો




આપના આગેવાનોના આક્ષેપો પ્રમાણે, અમે જ્યાં ઉમેદવારોને રાખ્યા હતાં ત્યાં વોર્ડ નંબર 18 ના ભાજપના ઉમેદવાર દિનેશ રાજપુરોહિતની પોતાની સફેદ ઈનોવા કાર ફાર્મ હાઉસના ગેટ સુધી ચક્કર મારતી દેખાઇ હતી. આ કાર ત્યા સુધી આવી ત્યાંથી યુ-ટર્ન મારીને ફૂલ સ્પીડમાં રવાના થઈ જતી જોવા મળે છે. જેના સીસીટીવી ફૂટેજ વાયરલ થતા અનેક તર્ક-વિતર્કો વહેતા થયા છે. 'આપ'ના નેતાઓએ આ ઘટનાને ભાજપના તોડજોડના પ્રયાસ તરીકે ગણાવી પોલીસ રક્ષણની માંગ કરી હતી. બીજી તરફ, આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રવક્તા યોગેશ જાદવાણીએ આ મામલે એક સ્ફોટક નિવેદન આપીને રાજકીય માહોલ ગરમાવ્યો છે. જાદવાણીએ દાવો કર્યો છે કે ભાજપના ઉમેદવાર દિનેશ રાજપુરોહિત પોતે પોતાની પાર્ટીની કાર્યપદ્ધતિથી કંટાળી ગયા છે અને હાર નિશ્ચિત હોવાથી તેઓ 'આપ'ના કાર્યકર્તાઓના સંપર્કમાં હતા.

### મારો ડ્રાઇવર એ બાજુ બેનરો લેવા ગયો હતો, મને ખબર પણ નથી : રાજપુરોહિત

દિનેશ રાજપુરોહિતની ગાડી આપના ઉમેદવારોને રખાયા હતા તે ફાર્મની આસપાસ ફરતી હોવાના વિડિયો બાબતે રાજપૂરોહીતે જણાવ્યું હતુ કે, મારો ડ્રાઇવર બેનરો લેવા એ બાજુ ગયો હતો એટલે ત્યાં કદાચ ગાડી ફરતી દેખાઇ હોય શકે, હું એ બાજુ ગયો નથી અને અમે અમારા વિકાસ કાર્યોને લીધે જીતીએ છીએ. ભાજપને કોઇ તડજોડ કરવાની જરૂર નથી

# આ કેવું? ભાજપના વોર્ડ નં.29નાં ઉમેદવારે BA પહેલાં MA કરી લીધું !

**ફોર્મમાં** ભૂલભરેલી વિગતો હોવા છતાં પણ ચૂંટણીપંચે શા માટે ફોર્મ મંજૂર કર્યું?, વિપક્ષના આક્ષેપો



| | | | |
|---|---|---|---|
| २ | एच.एस.सी. | माध्यमिक शिक्षा मंडल, भोपाल मध्यप्रदेश | १९९० |
| ३ | बी.ए. | रानी दुर्गावती विश्वविद्यालय, मध्य प्रदेश | १९९७ |
| ४ | एम.ए. | रानी दुर्गावती विश्वविद्यालय, मध्य प्रदेश | १९९६ |
| ५ | बी.एड. | महात्मा गांधी काशी विद्यापीठ, वाराणसी | २००० |

સુરતઃ સુરત મહાનગરપાલિકાની ચૂંટણીમાં ફોર્મ ચકાસણી દરમિયાન વોર્ડ નંબર 29 ના ભાજપના ઉમેદવારની શૈક્ષણિક વિગતોમાં એક હાસ્યાસ્પદ અને ગંભીર છબરડો સામે આવ્યો છે. ઉમેદવાર દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો મુજબ, તેમણે બી.એ ની પદવી વર્ષ 1997 માં મેળવી છે, જ્યારે તેની ઉપરની ગણાતી એમ.એ ની ડિગ્રી વર્ષ 1996 માં જ પૂર્ણ કરી લીધી હોવાનું દર્શાવ્યું છે.

સામાન્ય રીતે સ્નાતક થયા પછી જ અનુસ્નાતકમાં પ્રવેશ મળી શકે છે, પરંતુ અહીં શૈક્ષણિક વર્ષોના ક્રમમાં થયેલી આ ભૂલને કારણે અનેક તર્ક-વિતર્ક વહેતા થયા છે. આટલી મોટી વિસંગતતા હોવા છતાં ચૂંટણી અધિકારી દ્વારા તેમનું ફોર્મ મંજૂર કરી દેવામાં આવતા હવે તંત્રની કામગીરી અને ભાજપના ઉમેદવારની લાયકાત સામે વિપક્ષોએ સવાલો ઉઠાવવાનું શરૂ કર્યું છે. વિપક્ષી નેતાઓનો આક્ષેપ છે કે સત્તાના જોરે ખોટી વિગતો ધરાવતા ફોર્મ પણ મંજૂર કરાવી લેવામાં આવ્યા છે. જો પ્રાથમિક તપાસમાં જ આવા છબરડા દેખાતા હોય, તો ચૂંટણી પંચે આ મામલે ગંભીરતા દાખવી ફોર્મ રદ કરવું જોઈતું હતું. વોર્ડ નંબર 29 માં આ શૈક્ષણિક વિવાદને કારણે હવે ચૂંટણીનો જંગ વધુ ગરમાયો છે અને જનતામાં પણ ઉમેદવારની પ્રામાણિક્તા અને લાયકાત અંગે ચર્ચાઓ જાગી છે.

# અલ નીનોનો ખતરો: અસામાન્ય ગરમી વચ્ચે આરોગ્ય માટે એલર્ટ

**મે** મહિનામાં સ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા, હિટ સ્ટ્રોકથી બચવા સાવચેતી રાખવા તાકીદ કરતો મેસેજ વાયરલ




સુરતઃ હાલમાં અનુભવાતી તીવ્ર ગરમી સામાન્ય હવામાન ફેરફાર નથી, પરંતુ 'એલ નીનો' જેવી વૈશ્વિક પરિસ્થિતિનું સંકેત માનવામાં આવી રહ્યું છે.

અલ નીનોના કારણે પ્રશાંત મહાસાગરના પાણીનું તાપમાન વધે છે, જેનાથી વિશ્વભરના પવનપ્રવાહ અને હવામાન પર અસર પડે છે. તેના પરિણામે દક્ષિણ પશ્ચિમ મોન્સૂન મોડું પડવાની અથવા ઓછું પડવાની શક્યતા ઊભી થાય છે, જેના કારણે ગરમીમાં વધુ વધારો થાય છે. વિશેષજ્ઞોના મત અનુસાર, આવનારા મે મહિનામાં ગરમીની તીવ્રતા વધુ વધી શકે છે, જે માનવ આરોગ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. ખાસ કરીને હીટ સ્ટ્રોક જેવી પરિસ્થિતિમાં સ્વસ્થ વ્યક્તિઓ પણ ગંભીર અસર અનુભવી શકે છે. અત્યારે સુરતમાં ગરમીનો પારો ૩૬ થી ૩૯ નોંધાયો છે. તેમ છતાં જાણે ૪૦-૪૨ ડિગ્રી તાપમાન હોય તેવી ગરમી અનુભવાઈ છે.

### હિટ સ્ટ્રોકથી બચો, બપોરે સૂર્ય કિરણ સીધી શરીર પર આવે

દરેક વ્યક્તિએ દર કલાકે પાણી પીવાની આદત રાખવી જોઈએ. બપોરે 11 થી 3 વાગ્યા સુધીનો સમય સૌથી વધુ જોખમી માનવામાં આવે છે. આ સમયે સૂર્યની કિરણો સીધી શરીર પર પડે છે, તેથી શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવે છે. બાળકો માટે શાળાના રમતોત્સવ કે અન્ય આઉટડોર પ્રવૃત્તિઓ અંગે ખાસ ધ્યાન રાખવું જરૂરી છે. કાળા રંગના કપડાં ટાળવા અને તેના બદલે સફેદ કે હળવા રંગના કપડાં પહેરવા પણ જરૂરી છે, કારણ કે કાળા કપડાં વધુ ગરમી શોષે છે.

### હિટ સ્ટ્રોકના લક્ષણો

હિટ સ્ટ્રોકના મુખ્ય લક્ષણોમાં ભારે માથાનો દુખાવો, બેભાન થવું, મરડો આવવો અને પરસેવો ન આવતો હોવા છતાં ત્વચા સૂકી રહેવી જેવા સંકેતોનો સમાવેશ થાય છે. આવા લક્ષણો જણાય તો તરત જ વ્યક્તિને છાયાવાળી જગ્યાએ લઈ જવી, ભીનું કપડુંથી શરીર ઠંડું કરવું અને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવું જોઈએ.

### પશુઓ માટે પણ રાખો કાળજી

ગરમીમાં માત્ર માનવો જ નહીં, પરંતુ પશુઓ પણ ભારે મુશ્કેલી અનુભવે છે. ઘરના પાલતુ પ્રાણીઓ ઉપરાંત રસ્તા પરના પશુઓ માટે પણ પાણીની વ્યવસ્થા કરવી અને છાયો ઉપલબ્ધ કરાવવો માનવિય ફરજ છે.

# નાઈજીરિયન મહિલા 2 કરોડના ડ્રગ્સ સાથે ઝડપાઈ

**સુરત** રેલ્વે સ્ટેશને ઓગસ્ટ ક્રાંતિ તેજસ રાજધાની એક્સપ્રેસમાં મહિલાની ઝડતી લેતાં 2017 ગ્રામ "MDMA/ Ecstacy" ડ્રગ્સ મળ્યું

**DRIએ** શનિવાર સુધીના રિમાન્ડ મેળવ્યા

સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઈન્ટેલિજન્સ (DRI) નશીલા પદાર્થોની હેરાફેરી કરતી એક નાઈજીરિયન મહિલા પકડાઈ હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, એમ્માન્યુએલ્લા ગોલ્ડ ઈખાનોબા નામની મહિલા ટ્રેન નંબર 12954, ઓગસ્ટ ક્રાંતિ તેજસ રાજધાની એક્સપ્રેસમાં મુસાફરી કરી રહી હતી. ડીઆરઆઈની ટીમે રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને ગવર્મેન્ટ રેલવે પોલીસ (GRP) ની મદદથી સુરત ટ્રેનમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન B-11 કોચની સીટ નંબર 63 પર મુસાફરી કરતી આ મહિલાની ચકાસણી કરવામાં આવી હતી. તપાસ દરમિયાન તેના પાસેથી કુલ 2017 ગ્રામ જેટલું "MDMA/એક્સ્ટેસી" નામનું પ્રતિબંધિત નશીલો પદાર્થ મળી આવ્યો હતો. આ પદાર્થ આંતરરાષ્ટ્રીય સ્તરે અત્યંત ખતરનાક માનવામાં આવે છે. ડીઆરઆઈએ તાત્કાલિક કાર્યવાહી કરી મહિલા આરોપીની ધરપકડ કરી હતી. તેના વિરુદ્ધ નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટાન્સિસ (NDPS) એક્ટ, 1985 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. સુરત DRIના અધિકારીઓએ નાઈજીરિયન મહિલા એમ્માન્યુએલ્લા ગોલ્ડ ઈખાનોબાને કોર્ટમાં રજૂ કરતાં DRI સુરતના એડવોકેટ ઈમરાન મલેકની દલીલોને પગલે કોર્ટે શનિવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા હતાં. પ્રાથમિક તપાસમાં આ નશીલા પદાર્થોની હેરાફેરી પાછળ મોટા ગેંગના સંડોવણીની સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

### જોખમી ડ્રગ્સ સુરતમાં યોજાનારી પાર્ટી માટે લાવવામાં આવ્યું?

નાઇજિરિયન મહિલા એમેન્યુએલા ગોલ્ડ ઇખાનોબા જોસેફ ઓગુડુ હાલ હિરાનંદાની સ્કૂલ પવઇ, મુંબઇ પાસે રહે છે, તેણી મૂળ Owerri Imo state Nigeria ની વતની છે. સુરત DRIની તપાસમાં તેણીએ જણાવ્યું હતું કે, તે 2017 ગ્રામ MDMA ટેબ્લેટ પાર્ટી ડ્રગ્સ દિલ્હીથી બોરીવલી લઈ જઈ રહી હતી. જોકે તે સુરત રેલવે સ્ટેશને ઉતરી હોવાથી તંત્રને કંઈક જુદી જ શંકા છે. તેણીએ મટિરિયલ glucon d powder અને complain powder ની વચ્ચે પોઉચમાં સંતાડેલું હતું. તેના વધુ સેવનથી જીવ પણ જઈ શકે એવું ઘાતક છે.

# રેલવે સ્ટેશન પર મોબાઈલ ચોરતા રીઢો ઝડપાયો

સુરતઃ સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર સૌરાષ્ટ્ર એક્સપ્રેસમાં ચઢતી વખતે સર્જાયેલી ભીડનો લાભ ઉઠાવી મુસાફરોના ખિસ્સામાંથી બે મોબાઈલ સેરવી લેનાર 24 વર્ષીય હનિફ હારુન (રહે.કોસાડ આવાસ, અમરોલી) નામના શખ્સને રેલવે પોલીસે દબોચી લીધો છે. વુમન હેડ કોન્સ્ટેબલ પિન્કીબેને શંકાસ્પદ હિલચાલના આધારે આરોપીને પકડી પાડ્યો હતો. કોસાડ આવાસમાં રહેતા આ તસ્કર પાસેથી પોલીસે 12,000ની કિંમતનો મોટોરોલા અને 12,500ની કિંમતનો વિવો મળી કુલ 24,500નો મુદ્દામાલ રિકવર કર્યા છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

**ભાજપના 120...**

ગઈ છે. કોંગ્રેસના વોર્ડ નં.1ના ઉમેદવારો સંજય રામાનંદી અને બોની પટેલે ઉમેદવારી પત્રો પરત ખેંચી લેતા હવે ચૂંટણી જંગમાં 120 બેઠક પર કોંગ્રેસના 117 જ રહેવા પામ્યા છે. આજે ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થતાં સુરત મહાનગરપાલિકાની ચૂંટણીનું ચિત્ર સંપૂર્ણપણે સ્પષ્ટ બની ગયું હતું. હવે શહેરના ૩૦ વોર્ડની કુલ ૧૨૦ બેઠક માટે ૪૮૩ ઉમેદવાર વચ્ચે સીધી ટક્કર જામશે. જેમાં ભાજપના 120, કોંગ્રેસના 117 અને આપને 111 ઉમેદવારો ચૂંટણી જંગ લડશે.

આ વખતે ચૂંટણીમાં મુખ્યત્વે ત્રણ રાજકીય પક્ષો વચ્ચે જંગ જોવા મળશે. ભારતીય જનતા પાર્ટી (BJP), ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો શહેરની રાજનીતિમાં નવી ગરમાવો લાવ્યો છે. BJP દ્વારા તમામ ૧૨૦ બેઠક પર ઉમેદવારો ઊભા કરવામાં આવ્યા છે. કોંગ્રેસે ૧૧૭ ઉમેદવાર ઉતાર્યા છે. AAPએ ૧૧૧ ઉમેદવાર સાથે પડકાર ફેંક્યો છે. જ્યારે ૧૩૫ અપક્ષ અને અન્ય ઉમેદવારો પણ ચૂંટણીમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ આંકડાઓ દર્શાવે છે કે દરેક વોર્ડમાં બહુદિશાત્મક સ્પર્ધા જોવા મળશે, જે મતવિસ્તારમાં પરિણામોને અનિશ્ચિત બનાવે છે. દરમિયાન આજે કોંગ્રેસના વોર્ડ 1 અને વોર્ડ 18 ના બે ઉમેદવારે અને 14 અપક્ષ ઉમેદવાર સહિત 16 જણાએ ફોર્મ પરત ખેંચ્યા હતા.